

રાજા, ઉંદરો અને પનીર




નેન્સી અને એરિક ગુર્ની




રાજા, ઉંદરો અને પનીર



નેન્સી અને એરિક ગુર્ની



ઘણા સમય પહેલાની વાત છે,
દૂર દેશમાં એક રાજા રહેતો હતો.



એ એક સુંદર મહેલમાં રહેતો હતો.

રાજા પાસે એ બધું હતું જે

એ ચાહતો હતો. આમ તો એને પનીર સૌથી વધારે પસંદ હતું.

રાજાના પનીર

બનાવવાવાળા દુનિયાનું

સૌથી શ્રેષ્ઠ પનીર બનાવતા હતા.



મહેલમાં બધા એને સૂંઘી
શકતા હતા.

શહેરમાં બધા એને સૂંઘી

શકતા હતા.




દેશમાં બધા એને સૂંઘી શકતા હતા. એક ઉંદરે
એવું જ કર્યું. એણે પણ પનીરને સૂંઘયું.





પછી એણે એના બધા મિત્રોને એ પનીર વિષે જણાવ્યું. થોડા સમયમાં દેશનો દરેક ઉંદર મહેલ તરફ દોડી રહ્યો હતો.

ઉંદરોને રાજા સાથે રહેવામાં અને એનું
પનીર ખાવામાં બહુ મજા આવી. પણ રાજાને
એ ગમ્યું નહીં.




એણે એના બુદ્ધિમાન લોકોને બોલાવ્યા. "હું આ ઉંદરોથી છુટકારો કેવી રીતે મેળવી શકું છું?" એણે એને પૂછ્યું.

બુદ્ધિમાન લોકોએ એક અદ્ભૂત ઉપાય સૂચવ્યો.



બુદ્ધિમાન લોકો ઉંદરોને પકડવા માટે બિલાડીઓ લાવ્યા ... મોટી બિલાડી, નાની બિલાડી, જાડી બિલાડી અને પાતળી બિલાડી.






ઉંદરોને પકડવાવાળી
બિલાડીઓએ બહુ સારું કામ
કર્યું.

થોડા સમયમાં બધા ઉંદર મહેલમાંથી
ભાગી ગયા.





હવે બિલાડીઓ બહુ ખુશ હતી. એને રાજા સાથે મહેલમાં રહેવાનું બહુ સારું લાગતું હતું. પણ રાજા એનાથી ખુશ ન હતો. એને બિલાડીઓ સાથે રહેવાનું પસંદ ન હતું.

રાજાએ એના બુદ્ધિમાન લોકોને ફરી બોલાવ્યા.
"હવે હું આ બિલાડીઓથી કેવી રીતે છુટકારો
મેળવી શકું છું?" એણે પૂછ્યું.




"એ તો સરળ છે," બુદ્ધિમાન લોકોએ કહ્યું.
"એનાથી છુટકારો કેમ મેળવવો એ અમે
જાણીયે છીએ."






પછી રાજાના બુદ્ધિમાન પંડિત કૂતરા લાવ્યા ... મોટા કૂતરા, નાના કૂતરા, સફેદ કૂતરા અને ટપકાંવાળાં કૂતરા.



બિલાડીઓનો પીછો કરવાવાળા
કૂતરાઓએ બહુ સારું કામ કર્યું.

થોડા સમયમાં બધી
બિલાડીઓ મહેલમાંથી
ભાગી ગઈ.



હવે કૂતરા બહુ ખુશ થયા. એને રાજા સાથે રહેવું સારું લાગતું હતું. પણ રાજા એનાથી ખુશ ન હતો. એને કૂતરા સાથે રહેવાનું પસંદ ન હતું.

ફરી એક વાર રાજાએ એના જ્ઞાની પંડિતોને બોલાવ્યા. "શું તમે મને આ કૂતરાઓથી છુટકારો અપાવી શકો છો?" એણે એને પૂછ્યું.



"અમે એ ચોક્કસ કરી શકીયે છીએ," બુદ્ધિમાન પંડિતોએ કહ્યું.





એ પછી, બુદ્ધિમાન લોકો સિંહોને લાવ્યા ...
મોટા-મોટા અને બહાદુર સિંહો ને.

કૂતરાઓને ભગાડવામાં સિંહોએ બહુ સારું કામ કર્યું.



એણે કૂતરાઓનો પીછો કર્યો. એણે દરેક
કૂતરાને મહેલની બહાર ખદેડી દીધો.





હવે સિંહો બહુ ખુશ થયા. એને રાજા સાથે રહેવું સારું લાગતું હતું. પણ રાજા એનાથી ખુશ ન હતો. એને સિંહો સાથે રહેવુંય પસંદ ન હતું.

એણે ચોથી વાર એના જ્ઞાની પંડિતોને બોલાવ્યા. "મારે ફરી તમારી મદદ જોઈએ છે," રાજાએ વિનંતી કરી.




ફરી એક વાર જ્ઞાનીઓએ કહ્યું કે એ કામ બહુ સરળતાથી થશે.





હાથીઓ!


પછી જ્ઞાની પંડિતો સિંહોને ભગાવવા માટે હાથીઓ લઈ આવ્યા.




સિંહોનો પીછો કરવાવાળા
હાથીઓએ કમાલનું કામ કર્યું.

થોડા સમયમાં છેલ્લો
સિંહ પણ મહેલમાંથી
ભાગી ગયો.

હાથીઓ રાજા સાથે રહીને બહુ ખુશ હતા.
પણ હાથીઓ સાથે રહીને રાજા બહુ વધારે
દુઃખી હતો.






"તમે હાથીઓનો છુટકારો કેવી રીતે કરશો?" રાજાએ બૂમ પાડી.

"અમે એ કરી શકીયે છીએ," બુદ્ધિમાન પંડિતોએ કહ્યું. "અમે એ કામ તરત કરીશું."


એ બધા ઉંદરોને પાછા લાવ્યા.






હાથીઓને ભગાવવાનું
કામ ઉંદરોએ બહુ સારી
રીતે કર્યું.

ઉંદરોએ દરેક હાથીને
મહેલમાંથી બહાર ખદેડી
દીધો.






પણ હવે રાજા ત્યાંજ હતો જ્યાંથી એણે શરૂઆત
કરી હતી! ઉંદરો! ઉંદરો! એ બધે હતા! ઉંદરો!
ઉંદરો! એ એનું પનીર ખાઈ રહ્યા હતા!



"હવે હું શું કરું?" ત્રણ દિવસ સુધી રાજાએ શાંતિથી બેસીને પોતાની જાતને એ પ્રશ્ન કર્યો. ત્રણ દિવસ ગંભીરતાથી વિચાર્યા પછી એને ફક્ત એક જ ઉત્તર સૂઝયો.


રાજાએ બધા ઉંદરોને એક સાથે
બોલાવ્યા.



"સાંભળો, ઉંદરો, ચાલો આપણે
સાથે મળીને એક સોદો કરીયે,"
રાજાએ કહ્યું. "હું તમારી સાથે
જીવવાનું શીખીશ અને તમે મારી
સાથે રહેવાનું શીખજો."

ત્યારથી, રાજા એનું પનીર ઉંદરો સાથે વહેંચીને ખાય છે ...

... અને ઉંદરો બહુ શિષ્ટાચારથી એ પનીર ખાય છે.





સમાપ્ત